શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમ:

શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની વર્ષગાંઠ ફાગણ સુધ બીજ

ૐ શ્રી સુડધન દાદાને નમો નમ:

શ્રી લખિયાદાદાને નમો નમ:



ટાણાવાળા પાંચ ભાયા કુટુંબના કુળદેવી શ્રી ખોડિયાર માતાજીની

તથા થાપાડુંગરના શ્રી થાપનાથ મહાદેવ દાદા તથા શ્રી લખીયાદાદા

તથા શ્રી સુડધન દાદા (જીવરાજ દાદા)

વિગેરેના કર, નિવેધ તથા ગોત્રીજ વિગેરેની યાદી

# કુળદેવી શ્રી ખોડિયાર માતાજી

**સરનામું** :
શ્રી ખોડિયાર માતાજી મંદિર, જેસર રોડ, તા. પાલિતાણા, જી. ભાવનગર, મુ. અચાવેજ (સૌરાષ્ટ્ર)

**પૂજારી** :
શ્રી રઘુનાથભાઈ પૂજારી છે. માતાજીના માઢના અંદર જે પ્રતિષ્ઠા કરેલ છે તે

૧. શ્રી ખોડિયાર માતાજી
૨. શ્રી આવડમા માતાજી

માઢના બહાર પઠઠાદાદા પીરની દરગાહ આવેલી છે.
મંદિરની બહારની સાઇડમાં સીકોતર માતાજી બિરાજમાન છે.
કાલકા માતાજી તથા "નાગદાદા" છે.

## કુળદેવીના કરની યાદી

આ કર દર વર્ષની આસોસુધી આઠમના દિવસે કરવાના હાય છે.
૧. ૧| પાલીની લાપસી તથા ૧ શ્રીફળ જે વધેરવાનું હાય છે જે માતાજીના કર છે.
૨. ૧| પાલીનું ચુરમું છુંટુ જે પઠઠાદાદા પીરના કર છે.

ચોખા (૨૫૦ ગ્રામ) તથા મગ આખા (૨૫૦ ગ્રામ) ની ખીચડી બનાવવી ઉપર મુજબના કર ધર વર્ષની નવરાત્રીની આસો સુધી ૮ ના દિવસે કરવાના છે. શ્રી ખોડિયાર માતાજીની છબી પાટલા પર બિરાજમાન કરી, કુંકુનો ચાંદલો કરી, માતાજીને ચૂંદડી ઓઢાડવી, ઘીનો દીવો તથા અગરબત્તી કરી ઉપરની દરેક વસ્તુ મૂકી ચોખ્ખા પાણીના ત્રણ ધારા વાડી દઈ અને પછી વાપરવાનું હાય છે. પછી જ નિવેદમાં ઉપર મુજબ બનાવેલ વસ્તુ વાપરી નાખવી. છતાં વધે તો સાંજે ગાયને ખવડાવી દેવી. નિવેદ વાસી રાખવા નહિ.

## છેડાછેડી છોડવાની સમજ

લગ્ન પછી લગ્નના કપડાં પહેરી છેડા છેડી બાંધી શ્રી ટાણાં મુકામે શ્રી સુડધન દાદાને તેમજ લખીયાદાદાને પગે લાગી ત્યાર પછી છેડા છેડી છોડવાની વિધિ કરવાની હાય છે.

આપણાં પાંચ ભાયાના કુટુંબની છેડાછેડી વલભીપુરથી સાત કીલો મીટર ભાવનગર તરફ જતાં ચમારડી નામના ગામની સામે "થાપાં" નામનો ડુંગર આવેલ છે ત્યાં "થાપનાથ મહાદેવ દાદાનું" મંદિર છે ત્યાં ઉપરના કર તથા દિકરાના જન્મ પછી કંદોરાના કર કરવાના હાય છે.

## કંદોરાના કર : વસ્તુની યાદી :-

મગ પા કિલો

ચોખા પા કિલો

તલ સફેદ પા કિલો

ગોળ પા કિલો

ઘી ૧| કિલો

શ્રીફળ ૨

લૅલ અને સફેદ ધજા ૧ + ૧ અથવા ૧| વારના બે પીસ

દક્ષીણા પા રૂપિયા

ઉપરની વસ્તુની લઈ જવી જેટલાં જણાં આપણે હોય તે મુજબ આગળ ઉપર વસ્તુઓમાથી જરુર મુજબ ત્યાં પૂજારી પાસે રાંધીને આ કરની વિધિ કરવાની હાય છે.

શ્રીફળ ૧ આખું રમતું મૂકવાનું હોય છે. આ મુજબ વિધિ કર્યા પછી, ધરાવ્યા પછી, જેટલાં જણાં હોઈએ તેમણે રાંઘેલી વસ્તુ વાપરીને નીકળવાનુ વિધાન છે અને ત્યાર પછી દિકરાને કંદોરો અગર પટ્ટો બાંધવાની ક્રિયા થાય છે.

## છેડાછેડીની કરની વસ્તુની યાદી :-

શ્રીફળ ૨ જેમાં ૧ રમતું મૂકવાનું હોય છે અને ૧ શ્રીફળ વધેરવાનું અને ત્યાં રુપિયા ૧૧ મૂકી વરકન્યાને પગે લગાડી ત્યારબાદ છેડાછેડી છોડવી.

સમય જતાં અસલ પૂજારી નથી પણ તેના વંશજ છે. ત્યાં જતાં દરેક વસ્તુ લઈને જવું જેથી કરી ખોટી રીતે પૂજારી પૈસા પડાવે નહિ અને આ પ્રણાલી બધલાય નહિ. આપનાં વડવાઓ તથા પૂજારી સાથે મળી આ મુજબ કરની યાદી કરેલ હશે તેવું અનુમાન કરીએ. શક્ય હોય ત્યાં સુધી કરની દરેક વસ્તુઓ સાથે જ લેતાં જવી. દૂર દેશાવર મુંબઇ, મદ્રાસ, બેંગલોર કે અમદાવાદથી આવતા આપણા દરેક ભાઈઓને ખાસ સૂચન કરવાંનું કે "કર" ની વસ્તુઓ વલભીપુર નજીક છે જેથી ત્યાંથી ખરીદ કરીને જ લઈ જવી.

છેડાછેડીનાં કર કર્યાં પછી જ લગ્નનાં કપડાં ધોવાય છે. કર ન કરીએ ત્યાં સુધી લગ્ન સમય એ પહેરેલાં વર કન્યાનાં કપડાં ધોવાતાં નથી.

### થાપા ડુંગરનું સરનામું :-

શ્રી મોમાઈ માતાજીનું મંદિર, ચમારડી રોડ, વાયા. વલભીપુર,<br>
જી. ભાવનગર<br>
ત્યાં પૂજારી તરીકે રામુબેન અને તેમનાં દિકરા પ્રવીણભાઈ છે.

# સુડધનદાદા

શ્રી ટાણાં ગામે બિરાજમાન શ્રી સુડધનદાદા છે. તેની થોડી મળેલ માહિતીથી આપણને તેની ઓળખ થાય. સુડધનદાદાનું અસલ નામ "જીવરાજ઼દાદા" હતું. તેઓ શ્રી આપણાં ચોથી - પાંચમી પેઢીએ દાદા થાય છે. બાળપણમાં ગુજરી ગયેલ અને તેમની ઈચ્છા મુજબ તેમને ત્યાં બેસાડેલ છે. તેમને ઘીનો દીપક, અગરબત્તી અને શ્રીફળ ધરાવી શ્રીફળ વધેરવાનું હોય છે.

દીકરાના લગ્ન કર્યા પછી વર કન્યાના લગ્ન સમયનાં જે કપડાં હોય તે જ કપડાં પહેરી છેડા છેડી બાંધી ઉપર મુજબ દિપક અગરબત્તી કરી બે શ્રીફળ વધેરી વર કન્યાને પગે લગાડવાના હોય છે.

સુડધનદાદાની ચૈત્ર વધ નોમની વિદિ છે અને તે દિવસે આપણે ત્રણ બ્રામ્હણ જમાડવાની પ્રથા છે અને જામણેરી શ્રીફળ બદલવાનું હોય છે. ત્યારબાધ ટાણાં ગામની ભાગોલે આપણા એક વડવા દાદાનું સ્થાનક છે જેઓનું નામ "લખિયા દાદા" તરીકે આપણે ઓળખીએ છીએ. તેમના જીવનની થોડી માહિતી પણ છે. જે આ મુજબ છે, લખિયા દાદાનું અસલ નામ લક્ષ્મીચંદ હતું. તેમને એક નાનભાઈ નામના બહેન સાથે સ્નેહ હતો. નાનભાઈ જાતે વણકર હતાં. આમ લક્ષ્મીચંદ દાદાનું અકાળે અવસાન થવાથી તેમને અસરગતિ થવાથી આપણાં વડવાઓએ તેમની ખાંબી બનાવી તેમને ત્યાં બેસાડ્યા છે. તેમનાં સ્થાનકે વરઘોડિયાને લગ્નનાં કપડાં પહેરી છેડાછેડી બાંધી સ્થાનકે જઈ ઘીનો દિપક, અગરબત્તી કરી એક શ્રીફળ વધેરી વરઘોડિયાને પગે લગાડવાના હોય છે. શ્રી લખિયાદાદાને દર વર્ષની શ્રાવણ વધી અમાસ (જેને ભાદરવા અમાસ કહેવાય) ના દિવસે આપણે આપણાં ઘરે ઘીનો દિવો કરી શ્રીફળ વધેરી શેષ દિવા પાસે મૂકી પગે લાગવાનું હોય છે.

# લખિયાદાદાની કરની સમજ

દર વર્ષની આસો સુધ પાંચમના દિવસે થાય છે. તેમાં ૨|| પાલીનું દળ બનાવવાનું હોય છે. ૧| પાલીના ચોખા હોય છે. આસો સુધ પાંચમના દિવસે આપણાં ઘરમાં ઍક પાટલાં પર ઘીનો દીવો કરવો, અગરબત્તી કરવી અને ચૌદ પીપળાના અખંડ પાન ઉપર "નાXમ" લખવાનું વિધાન છે. ("ના X મ" ઍટલે નાનભાવડી થાય છે). દરેક પીપળાના પાન ઉપર ચોખાનાં દાણાં ૧ - ૧ મૂકવાનાં અને દરેક પીપળાના પાન ઉપર ઍક-ઍક સોપારી મૂકી તેના પર પણ કંકુનાં ચાંદલા કરવાંનાં અને દરેક પાન ઉપર રૂપા નાણું ઍટલે ચાર આની મૂકવાની અને ૧| હાથ કોરું પાણકોરાનું કાપડ મૂકી તેના પર કંકુનો ચાંદલો કરી અને પાટલાં પાસે દળ અને ચોખા રાંધેલા મૂકી ચોખ્ખાં પાણીની ત્રણ ધારા વાડી દઈ દળની ત્રણ ઢગલી કરી પગે લાગવું. આ કર દર વર્ષના હોય છે. તેમાં દિકરાના લગ્નના પણ કરવાંના હોય છે જે ને આપણે "ગોપ્રીજ" ના નામથી સંભોધિત કેરીઍ છીઍ. શ્રીફળને પણ વધેરી તેની ૩ શેષ મૂકવાની હોય છે.

## કારતક સુધી ૧૫ નાં દિવસે લખિયાદાદાનાં કર કરવાનાં હોય છે તેની યાદી

ચોખા ૧| પાલી  મગ ૧| પાલી આખા  સફેદ તલનો ૧| ગડીયાનો તલવટ

આ ચોખા અને આખા મગનો ખીચડો બનાવી તલવટ અને ખીચડો દિવો અગરબત્તી કરી તેની ૩-૩ ઢગલી પાટલા પર મૂકી ચોખ્ખા પાણીની ત્રણ ધારા વાડી દઈ અને વાપરવાનું હોય છે. કર થયા પછી જે વસ્તુ બનાવી હોય તે સાંજ સુધીમાં વાપરી નાખવી, અને વધે તો ગાયને ખવરાવી દેવી. કરની કોઈ પણ વસ્તુ વાસી રાખવી નહિ.

ઉપર લખેલાં કર વકરમાં અમારી પાસે જે કાંઈ માહિતી તથા વિગત મળી છે તેનાં આધારે આ વિગત છપાવી છે છતાં પણ અમારાંથી કોઈ વિગત લખવાની રહી ગઈ હોય તો અમોને જાણ કરશો અને તે અંગે બીજાને પૂછી ચોક્સાઈ કરી કર વકર કરશો.